# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ચઢાવ્યા'તા છાપરે, હવે સમસમી સાંખો!
પાળેલી બિલ્લી હવે બધાને બતાવે આંખો!
પાંખો કાપી પક્ષની પંગુ કર્યો પરિવાર -
ઉછેર્યો અજગર, હવે ભીંસના ફળ ચાખો!

**હાઈકુ**

શ્રી પવારનું
પેટ ભરાયા પછી
સુઝે મઝાક!
(લોકશાહી-મતદાનની ઠેકડી)

ભાજપી શિવ,
હર હર પગલે -
કરે તાંડવ!
(પક્ષ નો સર્વનાશ)

## ચિંતન

*વિદ્યાર્થી સેવકઃ પાન્થઃ ક્ષુધાઆર્તો ભયકાતરઃ । ભાંડારી પ્રતિહારી ચ સપ્ત સુપ્તાન્ પ્રબોધયેત ॥*

ચાણક્યનીતિ-વ્યવહારમાં આ 'સાત' જણા પ્રત્યે દયા ન રાખતાં તેમને સતત 'જાગૃત' રાખવા જોઇએ :

(૧) વિદ્યાર્થી : અભ્યાસના સમયે, પરીક્ષામાં જો વિદ્યાર્થી આળશ કરે, અભ્યાસ એ એક તપ છે એમાં સુખ-આરામ બિચારાપણું ન બતાવાય વાલીઓએ વિદ્યાર્થીનો કાન પકડી ઉભો કરી વાંચવા બેસાડવો જ જોઇએ. એનાથી ઉંઘાય નહીં. (૨) સેવક : ચોકીદાર, હિસાબનીસ, કર્મચારી ફરજ દરમિયાન સૂતેલો-બેદરકાર રહે તો શેઠ-માલિક-સરકારનું મોટું નૂકશાન થઇ જાય, તેમને સતત જાગૃત રાખવા માટે તકેદારી લેવી જોઇએ. (૩) યાત્રી : પ્રવાસી-ટ્રેનમાં-વાહનમાં-રસ્તામાં ઊંઘી જાય તો ઘણું બધું ગુમાવવાનો વારો આવે છે. (૪) ભૂખથી પીડિત હોય તેણે સતત પરિશ્રમ કરી 'રોટલા' માટે જાગૃત રહેવું જોઇએ. (૫) ડરપોક વ્યક્તિએ પોતાની સુરક્ષા માટે સતત સભાન રહી-જાગૃત રહેવું જોઇએ. (૬) ભંડારના રક્ષક : ધનભંડારી (તિજોરી) કે અનાજ-સ્ટોરના રક્ષકે બીજાને ભરોસે 'સહીઓ' કરી વિશ્વાસની પથારીમાં સૂઇ ન રહેવું જોઇએ સતત ચેકીંગ દ્વારા જાગૃત રહેવું જોઇએ. (૭) અને દ્વારપાળ ચોકીદાર-પોલીસ-સિક્યોરીટી ગાર્ડે પણ સતત ફરજ પ્રત્યે 'જાગૃત' રહેવું જોઇએ.

## સુવિચાર

- જે જીવાડે તેને લોકો માતા કહે છે, તે ગૌમાતા હોય, નદી માતા હોય, રાજમાતા હોય કે પછી ધરતીમાતા **- અખો**
- શ્રદ્ધા એટલે સંશયનું મૃત્યુ, મુક્તિ એટલે વાસનાનું મૃત્યુ **- જ્ઞાનસૂત્ર**
- અધર્મથી આઘા રહો, જો માનવતા મન મહી, તો શું જરૂર છે ધર્મની કોઇ? **- એસ. ભટ્ટાચાર્ય**
- ધાર્મિકતા એટલે ધર્મ પાલન ને લગતા વિચાર કે વર્તન અને આધ્યાત્મિકતા એટલે આત્માને લગતા વિચાર કે વર્તન **- મોરારિ બાપુ**
- સ્વપ્ના જોવા હોય તો ઊંઘો, પણ તેને સાર્થક કરવા હોય તો જાગો અને મંડી પડો **- કાન્તિ ભટ્ટ**
- જો રાખીએ ક્રોધ કાબુમાં અને લુલી પર લગામ, તો જીવનમાં શાંતિ રહે વળી મળે પ્રેમ અને માન.. **- શાહબુદ્દિન રાઠોડ**
- સૌથી સરળ સહેલી સમજવી તે છે ભાષા હાસ્ય અને રૂદનની, અબાલ વૃદ્ધ સહુ કોઇ તે સમજે, એને તે કોઇ બાધા કાળ કે સ્થળની **- ધર્મસૂત્ર**

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

નોકરી-ધંધો-કુટુંબ-પરિવારમાં સાથે કામ કરતા સૌનો સ્વભાવ એક સરખો હોતો નથી કોઇમાં સ્વાર્થવૃત્તિ વધારે હોય, કોઇમાં ત્યાગવૃત્તિ-વળી કોઇ કામોઢું હોય કોઇ આળશું - આ બધાને સાચવી-સંયુક્ત રીતે-કોઇને પણ અન્યાય ન થાય એ રીતે સંકલન કરવામાં જ મોભીની કુનેહ છે.

આખા દેશમાંથી આવતા વિવિધ જાતિ-ધર્મ સ્વભાવના નેતાનું સંકલન કરી રાષ્ટ્રીય પરીવારનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં સદુપયોગ કરવાની આવી જ કુનેહ ગાંધીજીમાં હતી.

૧૯૪૬માં 'બંધારણીય સમિતિ'નાં પ્રમુખ તરીકે ડો. રાજેન્દ્રપ્રસાદ હતા. આ સમિતિમાં દેશના ખ્યાતનામ અભ્યાસુ, વિદ્વાન નેતા પણ સભ્ય હતા. સ્વાભાવિક છે કે ઘણા વિદ્વાનો હોય ત્યાં વિચારભેદ-મતભેદ પણ થાય જ. કોઇ એક મુદ્દા માટે એક નેતાજીને ડો. રાજેન્દ્રબાબુ સાથે વિવાદ થયા. વાતાવરણ ઉગ્ર થઇ ગયું. તું-તા સાથે બાબુજી માટે હિણપત ભર્યા શબ્દો પણ વપરાયા.

ડો. રાજેન્દ્ર પ્રસાદ ગુસ્સે થઇ. ગાંધીજી પાસે ગયા અને રાજીનામુ ધરી દીધું. બાપુએ બાબુજીની આખી વાત શાંતિથી સાંભળી અને કહ્યું તમે સાચા છો. તમારી જગ્યાએ કોઇ પણ હોય તો પણ આવો જ નિર્ણય લે... પરંતુ... બાબુજીએ પૂછ્યું - પરંતુ - શું, બાપુ ?

બાપુ કહે - મારા સહકાર્ય કર્તાઓમાં અમૂક જ વ્યક્તિ એવી છે જેના પર મને સંપૂર્ણ ભરોસો છે કે તેમનામાં ભગવાન શંકરની જેમ, માનવકલ્યાણ માટે ઝેરનો કટોરો પી જવાનું સામર્થ્ય છે. બાબુજી એમાંના તમે એક છો..

- અને ડો. રાજેન્દ્રપ્રસાદે રાજીનામાનો પત્ર ફાડી નાખ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# બચ્ચન સરનો પિરીયડ...!! Money Will Come and Go... But Good Education Never Be Taken Away From You..!!

આપણે સ્કૂલ-કૉલેજમાં ભણીએ છીએ, ખરેખર તો 'માણસ' બનીને કેવી રીતે જીવવું એની જ ટ્રેનિંગ લઈએ છીએ. યશ-અપયશ-પૈસા તો શું ? આવે અને જાય, આપણી વેલ્યુ, આપણું માણસ તરીકે જીવવાનું ડહાપણ કાંઈ કોઈ લઈ શકતું નથી... મની વીલ કમ એન્ડ ગો, ગુડ એજ્યુકેશન નેવર બી ટેકન અવે ફ્રોમ યુ... હું નાનો હતો, કદાચ ૧૪ વર્ષનો ત્યારે કયાં મને વિશ્વાસ હતો આ 'ડહાપણ' પર?

મારી સ્કૂલની એક વાત કરૂં. નાટકમાં કામ કરતો હતો. 'કેંડલ કપ' નામની સ્કૂલની પ્રતિષ્ઠિત ટ્રોફી અમે એ વર્ષે જીતી હતી. બીજા વર્ષે ફરી નાટકમાં રિહર્સલ શરૂ કર્યા. અને મને ઓરી-અછબડા નીકળ્યા. સ્કૂલમાં જવાનું બિમારી - મમ્મીને કારણે બંધ થયું. શિક્ષકે મને નાટકમાં ભાગ લેવા દીધો નહીં અને હું દવાખાને એડમીટ થયો. મારા બધાં મિત્રનો લાગતું હતું કે હું નાટકમાં રહ્યો હોત તો આ વર્ષેય ટ્રોફી આપણને મળત. હું નાટકમાં નથી એ વાત જ મને બહુ ખટકી ગયેલી, મારૂં મન ઉદાસ હતું. દવાખાનામાં બાબુજી મારાં ઓશીકે બેઠેલાં હતા. હું નાટકમાં ભાગ ના લઈ શકવાથી સતત રડતો હતો. એ ઉંમરમાં બાબુજી બોલેલાં, 'મનકા હો તો અચ્છા, ન હો તો ઔર અચ્છા...'



મને એ ગળે ઉતર્યું જ નહીં. મેં બાપુજીને પુછ્યું, 'આપણી ઈચ્છા-મન પ્રમાણે નથી થતું તો કોના મન પ્રમાણે થાય છે?' એમણે જવાબ આપ્યો, 'પ્રભુના.' એને આપણું ભલું થાય એવું જ લાગતું હોય છે... અર્થાત્, આ બધી વાતો મને એ ઉંમરે માનવા જેવી લાગતી નહોતી...

સ્કૂલ પતી અને કૉલેજ શરૂ થઈ અને હું ગ્રેજ્યુએટ થઈ ગયો. ડીગ્રી હાથમાં આવ્યા બાદ મારાં ધ્યાને આવ્યું કે, હવે શું? આપણે હવે નક્કી શું કામધામ કરીશું? અભિનય કરવાનાં ઈરાદાથી મુંબઈ આવ્યો, શરુઆતના એ દિવસો અત્યંત કપરાં હતા. હું સંઘર્ષનો સામનો કરતો, અહીંથી ત્યાં ભટકતો હતો. બાબુજી મળતાં ત્યારે કહેતો, 'જીવન મેં સંઘર્ષ હૈ, ઔર સંઘર્ષ હી સંઘર્ષ હૈ.'

બાબુજી કહેતા, 'જબ તક જીવન હૈ, તબ તક સંઘર્ષ હૈ...'

સંઘર્ષ એ જ તો ખરી વાસ્તવિકતા છે. એજ એક સત્ય છે. સંઘર્ષ કયારેય સંપૂર્ણ થતો જ નથી. કેવી રીતે પડશે? જીવવું એ બૉકિંસગના રિંગ જેવું હોય છે. જીવવાની આવી તુલના કરીએ એટલે મને મારી સ્કૂલની બૉકિંસગની રિંગ યાદ આવે છે... સ્કૂલમાં અમારે બોકિંસગ કમ્પલસરી હતું.

અ પાર્ટ ફ્રોમ સ્પોર્ટ્સ, ફોર અસ ઈટ્સ એન એજ્યુકેટર ઑફ લાઈફ. આ બોકિંસગ રિંગમાં માત્ર તમે જ હોવ છો. એ તમારાં એકલાની લડાઈ છે. પ્રત્યેક મેચ વખતે તમારો પ્રતિસ્પર્ધી બદલાય છે, પણ તમારે માત્ર દરેક વખતે સંપૂર્ણ તાકાતથી લડવું પડે છે. તમને માર પડે છે, અનેક વખત પછડાઈને પીઠ ટેકવી દેવાય છે, કેટલાંક પંચને આપણે ચૂકવી દઈએ છીએ તો આપણે પણ કેટલાક સારા પંચને ઠોકીએ છીએ. આ બધું ચાલુ હોય ત્યારે બોક્સિંગ રિંગની બહાર પણ હોય છે. કેટલાંક લોકો એ મેચ જોતાં હોય છે. તમને જોરજોરથી ચિયર કરતા હોય છે. પ્રોત્સાહન પણ આપે છે. તમે જીતો એ માટે પ્રાર્થના પણ કરતાં હોય છે. તો કેટલાક લોકો એવાંય હોય છે જે બુમબરાડા કરતાં હોય છે તમને હરાવવા માટે. તમારૂં ધ્યાન બેધ્યાન કરે છે. તમારી હારથી એમને આનંદ મળતો હોય છે.

આ બધું જ હોય પણ બોકિંસગ રિંગમાં તો તમે જ હોવ છો. કોઈએ ગમે તેટલું ચિયર અપ કર્યુ, કોઈને ગમે તેટલું લાગ્યું કે તમે જીતવાં જોઈએ, કે હારવા જોઈએ, તોય લઢવાનું તો તમારે જ હોય છે. એ ફાઈટ ફક્ત તમારી જ હોય છે. તમારી સ્કિલ, તમારી ચોકસાઈ, તમારી જીદ જ તમારી હારજીત નક્કી કરે છે. કયારેક આપણે એ મેચ જીતીએ છીએ કયારેક હારીએ છીએ. પણ એ હાર જીત કરતાંય વધુ મહત્ત્વનો છે તમારૂં આત્મસન્માન, બસ એને શોધો...

ડિસ્કવર ધ વેલ્યું ઑફ ડિગ્નટી. અને ફક્ત પોતાનું જ નહીં પણ અન્યનું સન્માન કરવાનું શીખો. બાકીની વ્યક્તિઓ પણ આપણા જેટલી જ મહત્ત્વની છે એનું આપણને ભાન આવે છે માત્ર શિક્ષકથી. ઉત્તમ શિક્ષણ એ માણસની જિંદગીની સૌથી મૂલ્યવાન વાત છે. શિક્ષણ એટલે માત્ર ડિગ્રીઓની હારમાળા નહીં. આપણે કઈ પરિસ્થિતિમાં શું કરવું એનું ભાન એટલે જ્ઞાન. મારાં જિંદગી જીવવાની સર્વોચ્ચ મૂલ્ય મને કૉલેજનાં દિવસોએ શિખવ્યા છે. જે કરે એ ડિગ્નિટીથી કર, 'પોતાનું સન્માન કરતી વખતે બીજાનાં સન્માનનું પણ ધ્યાન રાખ.' એ સૂત્ર હું કૉલેજમાં શીખ્યો છું. તમારી જિંદગીમાં આવેલી - આવનારી વ્યક્તિ, તમારા સાથે સંબંધથી જોડાયેલી દરેક વ્યક્તિ મહત્ત્વની છે, તમારા જેટલી જ મહત્ત્વની છે.

એટલે બધાં સાથે આપણે મનમેળ હોય એવું નથી, મતભેદ થાય પણ ખરાં. પણ એ મતભેદને પણ વ્યક્તિ સ્વાતંત્ર્યનું મહત્ત્વ છે. કારણ આપણને દરેકને પોતાનો એક અલગ કલર છે, સ્વભાવ છે, દરેકમાં એક ઉત્તમ ગુણ છે. એનાં ગુણોનો એનાં સ્વભાવનો આદર કરવો અને દરેકને પોતાની મેરીટ પ્રમાણે આગળ વધવાની તક મળવી એ ખરેખર આત્મ સન્માનની તાકાત છે. આ પાવર ઑફ ડિગ્નિટી આપણા બધામાં છે એ વાપરો, તમે બધાં એક એવાં જમાનામાં છો જયાં તમને ઉત્તમ શિક્ષણની વિપુલ તકો પડેલી છે. એ વાપરો અને પોતાનું શિખર પોતે જ તૈયાર કરો. શિખર સર કરવાં આત્મબળ અને ધ્યેય તમારો પોતાનો છે એટલું યાદ રાખશો તો દરેકને એની મંઝિલ અવશ્ય મળશે જ.

મેં જયારે ગ્રેજ્યુએશન કર્યું ત્યારે ખ્યાલ નહોતો આગળ શું કરવું? તમારી પેઢીને અત્યારે કેટલાં બધા કરિઅર ઓપ્શન્સ છે, કેટલા પર્યાય છે. તમારૂં ઘણું બધું નક્કી હોય છે. આ કરીશું, નહીં તો તે કરીશું. મને કંઈ જ ખબર નહોતી. મારૂં દિવસે દિવસે ફ્સ્ટ્રેશન વધતું જતું હતું. જિંદગીની દિશા મળતી નહોતી. મારા મિત્રોની પણ એ જ દશા હતી. છેલ્લે અમે એક ફાઈનલ નિર્ણય પર આવી ગયા કે અમારાં મા-બાપે અમને જન્મ આપ્યો એ જ એક મોટો પ્રોબ્લેમ છે!!

એક દિવસ તો હું એવો કંટાળ્યો કે જઈને બાપુજીને કહી જ દીધું, 'મુઝે પતા ચલ ગયા હૈ કી પ્રોબ્લેમ કયા હૈ, હમારા પ્રોબ્લેમ યહી હૈ કી આપને હમે પૈદા કીયા, આખિર આપને હમે પૈદા હી કયું કિયા?' મારા પપ્પા રોજ મોર્નિંગ વૉકમાં જતા. એક દિવસ ચાલીને પરત આવ્યા અને મને બોલાવ્યો, બોલ્યા, 'તારી વાત સાચી છે. મારાં પપ્પાનો અને તેમનાં પપ્પાનોય એ જ પ્રોબ્લેમ છે. એમણેય એમનાં બાળકોને પૂછ્યા વગર જ જન્મ આપી દીધો.' 'તું હી નઈ નીંવ રખતા, અપને બચ્ચોં સે પુછ કે ઉન્હે પૈદા કરનાં' હવે ખબર પડે છે, હી ઈઝ રાઈટ. કારણો કહીને પ્રશ્નોના જવાબ મળતાં નથી. આપણને એ જવાબો જાતે જ તૈયાર કરવાં પડે છે... અમિતાભ બચ્ચને એક કૉલેજ ફેસ્ટિવલમાં આપેલું ભાષણ અહીં આપવા પાછળનું એક જ કારણ હમણાં જ ધોરણ-૧૨ ની પરિક્ષા પતી છે, અને બધા એક નિર્ણયની ઘડીએ આવીને ઊભાં છે...



**Hello ફ્રેન્ડસ!**

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

વિદ્યાર્થીઓ પુસ્તક લઈને બેઠા છે, મા-બાપ પ્રભુ સામે બેઠાં છે. વિદ્યાર્થીઓએ માર્કસ માટે ઉજાગરાં કર્યા તો માબાપે એમનાં સપનાં સાકાર કરવાં... તેઓ ટ્યુશને - સ્કૂલે દોડયા તો આ લોકો એમની ઈચ્છાઓ પુરી કરવાં દોડ્યા... અર્જુન જેવો યોદ્ધો મહાભારતનાં મેદાનમાં ઢીલો થઈને બેસે એ ના પોસાય, એની પાસે તો કૃષ્ણ જેવો સારથી હતો જે 'ગીતા' વાંચી ગયો. હવે વિદ્યાર્થીઓ એન્ટરન્સ એકઝામમાં દ્વારે છે, છેલ્લો કોઠો વિંધવાનો છે. બોકિંસગની રિંગની લઢાઈ જાતે જ લઢવાની છે. છેલ્લો ઘા રાણાનો. મિલ્ખા સિંઘ ફનિશિંગ લાઈન પર વળીને જોવાં ગયો અને મેડલ ગયો હતો. કરિઅરનાં મહત્ત્વનાં મોડ પર બચ્ચન સરનો પિરીયડ અતિ મહત્ત્વનો સાબિત થશે!!

***ચૂંટલો :***

સારાં શિક્ષણ-મહેનતની સાથે સાથે 'ડિઝાયર' અતિ મહત્ત્વની છે. તમને અંદરથી જયારે થશે કે મારે આ કરવું છે, ત્યારે દુનિયાની કોઈ તાકાત તમને તેમ કરતાં નહીં રોકી શકે. બોકિંસગ રિંગની લડાઈ જાતે લડવાની છે એટલું યાદ રહેશે તોય બચ્ચન સરનો પિરીયડ સાર્થક લેખાશે.

# બાળકને ત્યારે જ ખોળે લઇ શકાય જયારે એક સ્ત્રીમાં માં બનીને તેને ઉછેરવા માટે દિલથી તૈયાર હોય, બાળકને ઉછેરવા માટે એક ઇમાનદાર માં બનવું જરૂરી છે, માં બનવા માટે ત્યાગ તો કરવો જ પડે નહીંતર કમને ખોળે લીધેલ બાળકની હાલત ખરાબ થઇ જાય

**નવાં કલેવર**

- નટવર હેડાઉ

દિનેશ ભાઇની આંખ સામે પત્ની દયાગૌરીનું પાર્થિવ શરીર પંચતત્ત્વોમાં વિલિન થઇ ગયું હતું. કાયમ ગીતાનો પાઠ કરનાર આજ હલી ગયો હતો. સંસારની નશ્વરતા ને પ્રત્યક્ષ અનુભવી રહ્યો હતો દયા ને ગીતાના ઉપદેશ દ્વારા ઘણી વખત સમજાવવાની કોશિષ કરતો. ચલચિત્રની જેમ એ બધી વાતો આજે આંખો સામે દેખાવા લાગી હતી. 'શ્રીકૃષ્ણ એ ગીતામાં સાચું જ કહ્યું છે, કર્મ કરો ફળની ઇચ્છા ન રાખો પણ કેટલા લોકો એ વાત સ્વીકારી શકે છે, દયા? શું આપણે એમ કરી શકી એ છીએ? કદાચ ના' જરા અટકીને પાસે બેઠેલી દયાને ફરીથી કહ્યું.

'દયા આ અપેક્ષા જ બહુ ખરાબ ચીજ છે. માનવીય સંબંધોમાં અપેક્ષા રાખવાથી નિરાશા અને તનાવ જન્મે છે. એ રીતે સંબંધોના મોહમાં પડવું ખોટું છે તું પણ ગીતા વાંચે છે ને, આ સાંસારિક સંબંધો વ્યર્થનાં મોહબંધન છે.'

તેની વાત પુરી થાય તે પહેલાં એ વિફરી બેઠી. 'બસ બસ રહેવા દો તમારા આ ઉપદેશ. અરે! હું એક માં છું કોઇ સાધ્વી નથી. હું કોઇ ફળની ઇચ્છા નથી રાખતી કે મારી કોઇ મોટી મોટી અપેક્ષાઓ પણ નથી. પણ ગૃહસ્થ જીવનમાં રહેનારી તમે એમ સમજી છો કો ગૌરવ મારો એકનો એક દીકરો છે ગીતા મારી વહુ અને બટુક આપણો પૌત્ર, એ વાત ને હું મોહમાયાનું નામ દઇ નકારૂં એ અસંભવ છે.'

તે ધીરેથી બોલ્યો, 'એ બધું સાચું, હું કયાં ના પાડું છું, પણ એ લોકોને એમની રીતે જીંદગી જીવવા દે.'

તે ખીજાતી બોલી. 'દીકરાને ખુબ લાડ લડાવીને મોટો કર્યો, તેની મનપસંદ છોકરી સાથે પરણાવ્યો. આપણે કોઇ દીકરી નહોતી તેથી વહુને દીકરી સમજીને તેના પર હેત વરસાવ્યું.' તેની દરેક સારી ખોટી વાતો હંસીને સ્વીકારી લીધી. છતાં અપમાન સિવાય એ લોકોએ શું આપ્યું? આજે હું મારા પૌત્રને રમાડી નથી શકતી. તેને વ્હાલ કરી નથી શકતી. તેની સાથે રહી નથી શકતી. પોતાના બાળકો અને કુટુંબ સાથે રહેવાનું પણ આપણા નસીબમાં નથી.

તેણે સમજાવતાં કહ્યું, 'જો દીકરો વહુ ઇચ્છતાં ન હોય કે આપણે તેમની સાથે રહીએ તો તેમાં નસીબનો શું વાંક?'

તેનો આત્મા ચીત્કારી ઉઠ્યો. 'દીકરો તો ઇચ્છે છે. પણ વહુ ઇચ્છતી નથી. વહુની સામે તેનું કયા કશું ચાલે છે.'

તેણે કહ્યું 'ના દયા એવું નથી. કયાંક ને કયાંક તેની પાછળ દીકરાની સહમતી પણ છે.'

તે બબડી 'એ બિચારો શું કરે, જો પત્ની આખો દિવસ ઝગડા કર્યા કરે તો તેનાથી બચવા તેણે તેની વાત માનવી જ પડે.'

મેં તો દીકરાની વાત માનીને રાજીખુશીથી લગ્ન કરવાની સંમતિ આપી દીધેલી. એમ વિચારેલું કે પાંચ બહેનો ભાઇઓમાં ઉછરેલી છોકરી છે. કૌટુંબિક સંબંધો નિભાવશે. વળી દીકરા એ પણ તેના અને તેની ઘરનાંઓનાં ખુબ વખાણ કરેલાં. સમજદાર લોકો છે, લગ્ન પછી તમને અહીં એકલા રહેવા નહીં દઉં. બાપુજી તમે બહુ કામ કર્યું. હવે સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ લો અને અમારી સાથે મુંબઇ ચાલો. તમે બંને અમારી સાથે જ રહેજો. હવે તો કંપની તરફથી મને મોટો ફ્લેટ મળવાનો છે.

જુસ્સામાં ને જુસ્સામાં તમે સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ લીધી. તમે તો પોતાનું બે માળનું મકાન પણ વેચી દેવા માંગતા હતા. પણ આજુબાજુ વાળાએ સમજાવ્યા. 'પહેલાં મુંબઇમાં ફાવી જાય પછી મકાન વેંચજો.'

જોતજોતામાં ચાર વર્ષ વીતી ગયા. પણ તેઓ વહુ દીકરાની સાથે મુંબઇ રહેવા જઇ ન શક્યા. વહુ એક હોટલમાં રિસેપ્શનિસ્ટની નોકરી કરવા લાગી હતી. દીકરાનું કહેવું હતું કે અમે તો સવારથી નીકળી રાતે ઘરે આવીએ છીએ. મુંબઇમાં નાના શહેરોની જેમ અડોશ-પડોશમાં વાતચીત કે સંબંધો હોતા નથી. તેથી તમે બંને બોર થઇ જશો.'

આ દરમિયાન તેમણે મકાનનો નીચલો માળ ભાડે આપી દીધો. ખુબ સંસ્કારી કુટુંબ હતું. રજનીભાઇ તેની પત્ની માલાબેન અને દીકરો વહુ તેમજ પૌત્ર. તેની પત્નીને માલાબેન સાથે સારૂં બનતું. તેની વહુ પણ તેમને આદર આપતી. અને નાનકડો બબલું તો આખો દિવસ તેમની આજુબાજુ ફર્યા કરતો.

તે પણ રજનીભાઇ સાથે રાજકારણથી લઇને મોંઘવારી સુધીની વાતો કર્યા કરતા.

બબલુને લાડ લડાવતાં તેના દાદા દાદીને જોઇ તેમના હૃદયમાં ઇચ્છા જાગતી. આ જ રીતે વહુ-દીકરો અને પોતરા-પોતરીઓ સાથે રહેવાની બંનેએ કલ્પના કરેલી. તેમાં ખોટું પણ શું હતું. દરેક માબાપ સ્વાભાવિક રીતે એવી જ ઇચ્છા રાખતાં હોય છે.

આ વખતે દિવાળી પર વહુ-દીકરો ઘેર આવ્યા ત્યારે દયાગૌરીએ પ્રેમથી વહુને કહેલું 'બેટા, હવે તો તમારાં લગ્નને ચાર વર્ષ પુરા થવા આવ્યા. અમે પૌત્ર-પૌત્રીઓનાં મોં કયારે જોઇ શકીશું?'

સાસુની વાત સાંભળતા વહુ મોઢું ફુલાવીને પોતાના ઓરડામાં જતી રહી. દીકરાએ ધીમેથી કહ્યું, 'મમ્મી વાત એમ છે કે ડોકટરના કહેવા પ્રમાણે ગીતા મા બની નહીં શકે. અમે રીપોર્ટ કરાવ્યા છે.'

દયાના હાથમાંથી ચ્હાનો કપ છુટી ગયો. 'તું આ શું બોલે છે. ડોકટર એવું કઇ રીતે કહી શકે. તું રીપોર્ટ લાવ્યો છે. અહીં ઘણાં સારા ડોકટરો છે. આપણે તેમને બતાવીએ.'

દીકરાએ ચપ્પટ સ્વરે કહ્યું, 'મમ્મી એ બધી વાતો નો કોઇ ફાયદો નથી. સારામાં સારા હોંશિયાર ડોકટરોને બતાવ્યું છે. આ નાનકડા શહેરમાં મુંબઇ કરતાં સારા ડોકટરો તો હોય જ નહીં.'

દયા બોલી પડી. 'આવો અન્યાય ભગવાને તમારી સાથે કેમ કર્યો. તને બાળકો કેટલા ગમે છે.'

દીકરો ફરી ધીમેથી બોલ્યો. 'બસ બસ મમ્મી હવે આ વાતની ચર્ચા ગીતાની સામે ન કરતી નહીંતર એને ખોટું લાગશે.'

તે હૃદય પર પથ્થર મુકીને બેસી ગયા. તે પછી ઘરમાં કયારેય બાળકો વિશે વાત ન થઇ. છતાં વહુ જેટલા દિવસ સાથે રહી તેમાં સાસુ સાથે સીધી રીતે તેણે વાત ન કરી. જાણે કે તેને બાળક ન થવાનું કારણ તેની સાસુ જ હોય. દયા એ ગીતાની આ વાતથી ખોટું ન લગાડ્યું. કેમ કે તે એક સ્ત્રી હતી. વહુનું દુઃખ સમજી શકતી હતી. જતી વખતે તેણે દીકરાને કહ્યું, 'બેટા એવું હોય તો કોઇ બાળક ખોળે લઇ લે.'

***અનુસંધાન પાના. ૬ પર***

# હેપીનેસનો મંત્ર : પ્રેમમાં જીવન અને જીવનમાં પ્રેમ

**ગુલમહોર**

- દિનેશ દેસાઈ

૨૧મી સદી જ્ઞાનની સદી છે અને આજનો સમય ડિજીટલ બની ગયો છે. લોકોને યાર-દોસ્તો વિના ચાલે પણ ગેઝેટ્સ વિના ચાલતું નથી. પ્રેમનો અર્થ અને લાગણીની લિપિ બદલાય છે ત્યારે સંબંધમાં ખટાશ પણ આવી જાય છે. દૂધમાં જેમ ખટાશ આવી જાય તો દહીં બની જાય એમ સંબંધમાં ખટાશ આવી જાય ત્યારે સંબંધનું સ્વરુપ પણ બદલાઈ જાય છે.

સંબંધમાં ખટાશ ન આવે અને લાગણીનો દરિયો અકબંધ રહે એ માટે શું કરવું જોઈએ? દોસ્તી માટે કોઈ હાથ લંબાવે ત્યારે એનો સ્વીકાર કરવો જોઈએ. સંબંધને તરછોડી દેવો જોઈએ નહીં. તમે જેને ચાહો છો એની કાળજી પણ લેવી જોઈએ. ફૂલછોડને ખાતર-પાણી ન મળે તો એ પણ સૂકાઈ જાય છે. ચાહતને પણ માવજતનું ખાતર-પાણી મળવું જોઈએ. હા, નકારાત્મક વિચારો કરનારા લોકોથી હંમેશા દૂર રહેવું જોઈએ. કારણ કે એનાથી તમને પણ નકારાત્મક અસરો — નેગેટિવ વેવ્સ્ મળશે. એથી ઉલટું હંમેશા પોઝિટીવ થિન્કિંગ કરનાર વ્યક્તિઓ સાથે જ સંપર્કમાં રહેવું જોઈએ. પોઝિટીવિટીને વેલકમ કરો.

જ્યારે તમને એમ લાગે કે સામેની વ્યક્તિએ કોઈ ભૂલ કરી છે. તો એવી વ્યક્તિને બીજી તક આપવી જોઈએ. પરંતુ એને ત્રીજી તક તો ક્યારેય નહીં. હા, જ્યારે સંબંધ નામના રુમાલમાં ગાંઠ પડે ત્યારે ગાંઠ છોડવાનો, ગાંઠ ઉકેલવાનો પ્રયાસ કરવો જોઈએ. ગાંઠ કાપી નાખવાનો કે સંબંધ કાપી નાખવાનો કોઈ અર્થ નથી. સંબંધની તો હંમેશા માવજત કરવી જોઈએ. સંબંધ સાચવવાનો ફંડા એ પણ છે કે કેમ છો, કહેવાની પહેલ આપણે પણ કરવી જોઈએ. દર વખતે અહમ્નાં પોટલાં ખભે ઉપાડીને ફરવાનો કોઈ અર્થ નથી.

***સંબંધમાં ખટાશ ન આવે અને લાગણીનો દરિયો અકબંધ રહે એ માટે શું કરવું જોઈએ? દોસ્તી માટે કોઈ હાથ લંબાવે ત્યારે એનો સ્વીકાર કરવો જોઈએ, સંબંધને તરછોડી દેવો જોઈએ નહીં***

જીવનમાં મુસીબતો આવતી જ હોય છે. આવા કપરા સંજોગોમાં મક્કમ મનોબળ રાખવું જોઈએ. બહાદુર બનીને મુશ્કેલ સમયનો સામનો કરો. તમે બહાદુર નથી તો બહાદુર છો એવો દેખાવ પણ કરો. કારણ કે તમે નબળા છો, એવી તમારી નબળાઈ ખુલ્લી પાડી દેવાનો કોઈ અર્થ નથી. તમને મક્કમ યા બહાદુર બનાવવા કોઈ આવવાનું નથી. તમારું મનોબળ જ તમને બહાદુર યા નિર્બળ બનાવી શકે છે. પોતાના ઉપર જ વિશ્વાસ રાખો.

તમારી સામે કોઈ સમસ્યા આવે ત્યારે એને મેગ્નિફાઈંગ ગ્લાસથી જોશો તો સમસ્યા મોટી જ લાગશે. હકીકત તો એ છે કે કોઈ સમસ્યા મોટી કે નાની નથી હોતી. સમસ્યાને જોવાનો આપણો દૃષ્ટિકોણ કેવો છે, એ વાત મહત્વની છે. સમસ્યા જોઈને તેનાથી મોં ફેરવી લેવાની જરુર નથી. એવું પણ બનતું હોય છે કે સમસ્યામાં પણ કોઈ તક છુપાયેલી હોય છે. મોટી સમસ્યામાં કોઈ મોટી તક રહેલી હોય એવું પણ બની શકે.

જેમ સમસ્યા તરફ જોવાનો તમારો અભિગમ - એપ્રોચ હકારાત્મક હશે તો તમારી સમસ્યા અડધી તો તરત જ ઉકેલાઈ જશે. તમારે હંમેશા ઉત્સાહી અને હકારાત્મક વિચારોવાળી વ્યક્તિ તરીકે ઓળખ સ્થાપિત કરવી જોઈએ. તમે અનુભવ્યું હશે કે હકારાત્મક વિચારોવાળી વ્યક્તિ જ આપણને પસંદ પડે છે. આપણે એવી વ્યક્તિ તરફ નજર કરવાનું ટાળતા હોઈએ છીએ કે જે નકારાત્મક વિચારોવાળી હોય.

તમે એવું પણ અનુભવ્યું જ હશે કે દરેક વ્યક્તિને સારી સારી વાતો જ સાંભળવી અને સારી વાતો જ કરવી ગમતી હોય છે. કોઈને ટીકા ગમતી નથી, પોતાની ટીકા પણ કોઈને ગમતી નથી.

આપણને જેવું જીવન મળ્યું છે, એનો આનંદપૂર્વક સ્વીકાર કરો. જીવનને હંમેશા પ્રેમપૂર્વક જીવો. આનંદ અને ઉત્સાહનો અબીલ-ગુલાલ ઊડાડતા રહો. અફસોસ કર્યા વિનાનું જીવન જીવવું જોઈએ. કોઈ જ ફરિયાદ નહીં, કોઈ પ્રત્યે વેરભાવ કે તિરસ્કાર નહીં. જીવનમાં તમને હંમેશા જીતવાની તક જ મળશે, એવું દર વખતે બનવાનું નથી. જિંદગીની રમતમાં ક્યારેક હારવાની તૈયારી પણ રાખવી જોઈએ.

જીવનમાં તમને દર વખતે ન્યાય જ મળવાનો છે, એવું બનતું નથી. તમારા જીવનમાં સમસ્યાઓ છે, તો અન્ય લોકોના જીવનમાં પણ સમસ્યાઓ હોય જ છે. લોકોને તમારી સમસ્યાઓમાં કોઈ જ રસ હોતો નથી. એટલે કે બીજાને તમારી સમસ્યાઓનાં ગાણાં ગાયા કરવાનો કોઈ જ અર્થ નથી.

સંબંધો અત્યંત મૂલાયમ હોય છે અને મૂલ્યવાન પણ હોય છે. સંબંધ કાચનાં વાસણ જેવાં નાજુક હોય છે. સંભાળ રાખવી પડે, નહીં તો કાચનાં વાસણની જેમ તૂટી જતા વાર ન લાગે. તમારી વાત બીજાને કરવાનું મન થાય ત્યારે મનોમન બે વખત વિચાર કરવો જોઈએ. કારણ કે શક્ય છે કે તમારી વાતમાં કોઈને રસ પડે અથવા ના પણ પડે. હા, તમારે કોઈ સાથે બોલવાની નોબત આવે ત્યારે મહેણું મારવાનું ટાળવું જોઇએ.

શબ્દોમાં તલવારના ઘા જેવી તાકાત હોય છે. શબ્દો જોખી-જોખીને, તોળી-તોળીને બોલવા જોઈએ. શું બોલવું, ક્યારે બોલવું અને ક્યારે અટકવું એ જ મહત્વની વાત છે. કોઈની ટીકા કરવાનો તમને કોઈ અધિકાર નથી, કોઈ હક્ક નથી. અગર જો બોલવું પડે એમ જ હોય તો વાણી ઉપર સંયમ રાખવો અત્યંત જરુરી છે. ક્યારેય કોઈની નિંદા કે ગોસિપ કરવાથી દૂર રહેવું જોઈએ.

જ્યારે કોઈ વ્યક્તિ તમારી પાસે કોઈ મદદની આશા લઈને આવે ત્યારે એ વ્યક્તિની વાત ધ્યાન દઈને સાંભળવી જોઈએ. કારણ કે જ્યારે કોઈ વ્યક્તિ પોતાની સમસ્યા લઈને તમારી પાસે આવે તો એનો અર્થ જ એ થયો કે એને એક માત્ર આશા તમારી ઉપર જ છે. તમારા ઉપર કોઈ શ્રદ્ધા રાખીને કોઈ વ્યક્તિ આવે તેને નિરાશ કરવી જોઈએ નહીં. કારણ કે શક્ય છે કે એની પાસે માત્ર એક જ આશા બચી હોય.

તમારા માટે સંબંધ મહત્વના છે, તો તમારા માટે પરિવારજનો અને એમની સાથેના સંબંધો પણ મહત્વના છે. તમે શક્ય બને ત્યારે વર્ષમાં એકથી વધુ વખત પિકનિટ કે નાના-મોટા પ્રવાસનું આયોજન કરી શકો. આમ કરવાથી પરિવારના સભ્યો વચ્ચે પણ નિકટતા વધશે, વધુને વધુ સમય સાથે રહેવાનું થશે. એકબીજાની સમસ્યાઓથી વાકેફ થવાનો અવસર પણ પ્રાપ્ત થઈ શકશે. ઘરમાં જો વૃદ્ધ — વડીલ વ્યક્તિ હોય તો તેમને શક્ય એટલો વધુ સમય આપવાનો પ્રયત્ન કરો. કારણ કે વડીલોને પૈસાની નહીં, હૂંફની જરુર હોય છે. વડીલોને કાળજી — કૅરની જરુર હોય છે.

**સ્ટોપર :** "પ્રેમ શબ્દ નથી, અનુભૂતિ છે, અહેસાસનું નામ પ્રેમ."